# કૃષ્ણમૃતિ પધ્ધતિ અને લગ્ન યોગ

## સ્ત્રી જાતક પ્રશ્ન કુંડળી નં: ૧૦૫ તા: ૦૧/૦૬/૨૦૦૨ સમય: ૦૮:૦૧ સવારે સ્થળ : મણીનગર(અમદાવાદ)

## અક્ષાંસ ૨૩ ઉ ૦૦ રેખાંસ ૭૨ પૂ ૩૭

**નિયમ:** સાતમા કસ્પ નો ઉપપતિ જો ૨,૭,૧૧ નો ર્નિદેશક બનતો હોયતો લગ્ન થાય.(સાતમા કસ્પ નો ઉપપતિ જો શુક્ર હોય અને તે ભલે ૨,૭,૧૧ નો ર્નિદેશક ન બનતો હોય પણ શુક્ર પોતે લગ્નજીવન નો કારક હોવાથી લગ્ન થશે.)

| ગ્રહ | રાશિપતિ | નક્ષત્રપતિ | ઉપપતિ | કસ્પ | ઉપપતિ |
|---|---|---|---|---|---|
| સૂર્ય | શુક્ર | ચંદ્ર | શનિ | ૧ | રાહુ |
| ચંદ્ર | શનિ | મંગળ | રાહુ | ૨ | ગુરૂ |
| મંગળ | બુધ | રાહુ | રાહુ | ૩ | શુક્ર |
| બુધ | શુક્ર | સૂર્ય | બુધ | ૪ | શનિ |
| ગુરૂ | બુધ | ગુરૂ | શનિ | ૫ | રાહુ |
| શુક્ર | બુધ | રાહુ | મંગળ | ૬ | બુધ |
| શનિ | શુક્ર | મંગળ | મંગળ | ૭ | સૂર્ય |
| રાહુ | શુક્ર | મંગળ | રાહુ | ૮ | ગુરૂ |
| કેતુ | મંગળ | બુધ | રાહુ | ૯ | ચંદ્ર |
| | | | | ૧૦ | શનિ |
| | | | | ૧૧ | ચંદ્ર |
| | | | | ૧૨ | કેતુ |

મંગળ દશા ભોગ્ય ૫ વર્ષ ૧૦ માસ ૨૨ દિવસ

તા: ૨૩,૪,૨૦૦૮ ના રોજ મંગળ દશા પૂર્ણ થશે.

કે.પી.કસ્પ કુંડળી




ચંદ્ર જાતકનુ મન દર્શાવે છે. અહીં ચંદ્ર મંગળ ના નક્ષત્રમા અને રાહુ ના ઉપ મા છે. ચંદ્ર અગીયારમા સ્થાન પર દ્રષ્ટી કરે છે.નક્ષત્રપતિ મંગળ લગ્નજીવનના કારક શુક્ર સાથે યુતિમા છે અને ઉપપતિ રાહુ ધનેશ(૨) લાભેશ(૧૧) સપ્તમેશ(૭) સાથે યુતિમા છે.વળી ચંદ્ર અગીયારમા કસ્પ નો ઉપપતિ પણ છે.

બીજા કસ્પ નો ઉપપતિ ગુરૂ છે. તે પોતાના નક્ષત્રમા અને શનિ ના ઉપમા છે. ગુરૂ બીજાકસ્પ પર દ્રષ્ટી કરે છે.ઉપપતિ શનિ સાતમા કસ્પ નો માલીક છે. અને અગીયારમા કસ્પ પર દ્રષ્ટી કરે છે.આમ બીજા કસ્પ નો ઉપપતિ ગરૂ ૨,૭,૧૧ ભાવ સાથે સંબંધ કરે તેથી લગ્ન થશે તેમ કહી સકાય.

સાતમા કસ્પ નો ઉપપતિ સૂર્ય છે.તે ચંદ્ર ના નક્ષત્રમા અને શનિ ના ઉપ મા છે.સૂર્ય સપ્તમેશ,લાભેશ અને ધનેશ ની સાથે યુતિમા છે.નક્ષત્રપતિ ચંદ્ર અગીયારમા કસ્પ પર દ્રષ્ટી કરે છે.અને ઉપપતિ શનિ સાતમા કસ્પ નો માલીક બને છે અને અગિયારમા કસ્પ પર દ્રષ્ટી કરે છે.. આમ સાતમા કસ્પનો ઉપપતિ ૨,૭,૧૧ કસ્પ સાથે સંબંધ કરે છે તેથી લગ્ન થશે તેમ કહીશકાય.

### <u>ર્નિદેશકો</u>

| કસ્પ | ર્નીદેશકો |
|---|---|
| ૨ | કેતુ,બુધ,ગુરૂ |
| ૭ | શનિ |
| ૧૧ | કેતુ, બુધ,ચંદ્ર,શનિ |

હાલમા જાતકને મંગળ ની દશા ચાલેછે.જે ર્નિદેશક પૈકીની જ છે. તે અંતર રાહુ નુ ચાલેછે તે તા:૦૮/૧૦/૨૦૦૨ સુધી ચાલે છે.રાહુ ર્નિદેશક પૈકી નથી માટે ત્યાર બાદ આવતુ ગુરૂ નુ અંતર જોતા તે ર્નિદેશક પૈકીનુજ છે.આ અંતર તા: ૧૪/૦૯/૨૦૦૩ સુધી ચાલશે. અને આજ અંતરમા લગ્ન થશે તેમ કહીશકાય.

હકીકતે તા: ૨૫/૦૨/૨૦૦૩ ના રોજ લગ્ન નક્કી થયા.તે સમયે બુધનુ પ્રત્યાંતર અને ગુરૂનુ શુક્ષમ ચાલતુ હતુ.આ બુધ પણ ર્નિદેશક પૈકીનોજ છે.

### <u>ગોચર:</u>

તા: ૨૫/૦૨/૨૦૦૩ ના રોજ ગોચરમા સૂર્ય રાહુ ના નક્ષત્રમા અને ઉપમા છે.રાહુ મંગળના નક્ષત્રમા હોવાથી તે મંગળ નો પ્રતિનિધી બને છે અને મંગળ દશાનાથ છે. ચંદ્ર મંગળની રાશિમા છે અને બુધ ના નક્ષત્રમા છે.દશાનાથ મંગળ ગુરૂની રાશીમા,અંતરદશાનાથ ગુરૂ- ગુરૂના ઉપમા,પ્રત્યાંતર નાથ બુધ સવારે ૦૭કાલાક ને ૦૩ મીનિટ પછી (લગ્ન બપોરે ૧૨.૩૯ ના છે.)મંગળના નક્ષત્રમા ચાલુ થાય છે.